# આવી શ્રાવણની બીજલડી

[આ ભક્તિ વિ.સં. ૨૦૩૧ (ઈ.સ. ૧૯૭૫)માં બહેનશ્રીની જન્મ-જયંતી પ્રસંગે પંડિત શ્રી હિંમતભાઈએ બનાવેલ હતી.]

[રાગ :—રૂપલા રાતલડીમાં]

આવી શ્રાવણની બીજલડી આનંદદાયિની હો બેન,
—સુમંગલમાલિની હો બેન!
જન્મ્યાં કુંવરી માતા-'તેજ'-ઘરે મહા પાવની હો બેન,
—પરમ કલ્યાણિની હો બેન!
ઊતરી શીતળતાની દેવી શશી મુખ ધારતી હો બેન,
—નયનયુગ ઠારતી હો બેન!
નિર્મળ આંખલડી સૂક્ષ્મ-સુમતિ-પ્રતિભાસિની હો બેન,
—અચલ–તેજસ્વિની હો બેન!

(સાખી)

માતાની બહુ લાડિલી, પિતાની કાળજ-કોર;
બંધુની પ્રિય બ્હેનડી, જાણે ચંદ્ર-ચકોર.

બ્હેની બોલે ઓછું, બોલાવ્યે મુખ મલકતી હો બેન,
—કદીક ફૂલ વેરતી હો બેન!
સરલા, ચિત્તઉદારા, ગુણમાળા ઉર ધારિણી હો બેન,
—સદા સુવિચારિણી હો બેન!...આવી૦

(સાખી)

વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર;
જ્ઞાતાનું તલ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

જ્ઞાયક-અનુલગ્ના, શ્રુતદિવ્યા, શુદ્ધિવિકાસિની હો બેન,
—પરમપદસાધિની હો બેન!

સંગવિમુખ, એકલ નિજ-નંદનવન-સુવિહારિણી હો બેન,
—સુધા-આસ્વાદિની હો બેન!....આવી૦

(સાખી)

સ્મરણો ભવ-ભવનાં રૂડાં, સ્વર્ણમયી ઈતિહાસ,
—દૈવી ઉર-આનંદિની ‘ચંપા’ પુષ્પ-સુવાસ.

કલ્પલતા મળી પુણ્યોદયથી ચિંતિતદાયિની હો બેન,
—સકલદુખનાશિની હો બેન!

મુક્તિ વરું—મનરથ એ માત પૂરો વરદાયિની હો બેન,
—મહાબલશાલિની હો બેન!...આવી૦